# કોર્ટ માં ટ્રાયલ ચલાવ્યા વગર કેસ કેવી રીતે પૂરો થાય તેની જોગવાઈ

સામન્ય રીતે જયારે નામદાર કોર્ટ માં ગુના નું સંજ્ઞાન લેવામાં આવે પછી તેની ટ્રાયલ ચલાવવામાં આવે છે. અને આરોપી ટ્રાયલ ના અંતે નિર્દોષ અથવા તો દોષિત ઠરે છે. પરંતુ તે સિવાય અન્ય રીતે પણ કેસ નું પરિણામ આવી શકે તે વિષે ની જોગવાઈઓ ની આજે ચર્ચા કરીશું. ક્રિમીનલ પ્રોસીજર કોડ ની અંદર ટ્રાયલ જ્યુડી.મેજી સમક્ષ અથવા તો સેશન્સ કોર્ટ માં ટ્રાયલ બાબતે જોગવાઈ આપેલી હોય છે. કાયદા માં મુખ્યત્વે (૧) સમન્સ કેસ હોય છે. (૨) વોરંટ કેસ હોય છે તેમાં પણ (૧) પોલીસ રીપોર્ટ ના આધારે કેસ હોય છે અને (૨) ખાનગી ફરિયાદ હોય છે. અને એક સમરી ટ્રાયલ ની પણ જોગવાઈ હોય છે. નીચે ની રીત મુજબ કેસ નું પરિણામ ટ્રાયલ ચલાવ્યા વગર આવી શકે છે.

**(૧) આરોપી જયારે મરણ જાય ત્યારે -** એટલે કે ચાલુ કેસ માં આરોપી નું જો મૃત્યુ થાય તો આરોપી નું મરણ પ્રમાણ પત્ર કોર્ટ ના રેકર્ડ ઉપર આવે તો આરોપી વિરુદ્દ નો કેસ આગળ ચાલતો નથી અને કોર્ટ દ્વારા આરોપી ના કેસ ને અબેટ કરી ને પૂરો કરી દેવામાં આવશે. ક્રીમ્નીનલ પ્રોસીજર કોડ માં આ વિષે કોઈ જોગવાઈ નથી. પરંતુ જયારે આરોપી ની હયાતી જ ના હોય તારે તેવા કિસ્સા માં આરોપી વિરુદ્દ નિર્દોષ કે સજા નું પરિણામ નું કોઈ મહત્વ નથી. [જોગવાઈ જુઓ]

**(૨) ક્રિમીનલ પ્રોસીજર ની કલમ ૨૫૮ મુજબ** સમન્સ કેસ હોય , ખાનગી ફરિયાદ સિવાય ના કેસો જેમાં આરોપી કે સાક્ષીઓ ખુબ જ લાબા સમય થી આવતા ના હોય તેવા સંજોગા માં જ્યુડી. મેજી .અથવા તો ચીફ જ્યુડી. મેજી. કોર્ટ દ્વારા આવા કેસ ને કલમ ૨૫૮ માં ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી ને પૂરો કરી શકે છે. જોગવાઈ જુઓ

**(૩) ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૦૦ મુજબ** આરોપી ને એક વાર સજા કે નિર્દોષ જાહેર કરી દીધેલ હોય તેવા કિસ્સા માં ફરી થી તેની ઉપર એજ ગુના માટે ટ્રાયલ ચલાવી શકાતી નથી. જો આવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવે તો કેસ ને આ કલમ ની મર્યાદા નડે છે. આ આરોપી નો એક મૂળભૂત અધિકાર છે. જે ભારતીય બંધારણ માં આપેલ છે. આનો એક સિદ્ધાંત પણ છે. જે આ મુજબ છે. જોગવાઈ જુઓ

**(૪) ક્રિમીનલ પ્રોસીજર ની કલમ ૨૫૭ મુજબ જયારે કેસ ને પરત ખેચી લેવામાં આવે** જયારે ખાનગી ફરિયાદ માં સમન્સ ટ્રાયેબલ કેસ હોય અને તે ફરિયાદી દ્વારા પરત ખેચવામાં આવે ત્યારે , અને જયારે નામદાર કોર્ટ એ એવું લાગે કે આ ફરિયાદ પરત ખેચવાનું કારણ યોગ્ય છે તેવા કિસ્સા માં આરોપી ને નિર્દોષ જાહેર કરી ને કેસ પરત ખેચવાનો હુકમ કરવામાં આવે છે. જોગવાઈ જુઓ

**(૫) ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૨૧ મુજબ** જયારે સરકારી વકીલ સરકાર શ્રી ની પરવાનગી લઈ ને કોર્ટ માંથી કેસ પરત ખેંચે ત્યારે આરોપી ને ડીસ્ચાર્જ કરેલ છે તેમ માનવાનું રહેશે અને જયારે ચાર્જ ફ્રેમ થઇ ગયેલ છે તે પછી પરત ખેંચે તો આરોપી ને નિર્દોષ જાહેર કરેલ છે તેમ માનવાનું રહેશે. સરકારી વકીલ શ્રી એફ.આઈ.આર થી રજી. થયેલ કેસો ને પરત ખેંચી શકે છે. જોગવાઈ જુઓ

**(૬) ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૪૯ મુજબ જયારે ફરિયાદ નામદાર કોર્ટ માં હાજર રહેતા ના હોય ત્યારે** જયારે ખાનગી ફરિયાદ ના કિસ્સા માં જયારે વોરંટ ટ્રાયેબલ કેસ હોય ત્યારે ફરિયાદી હાજર ના રહે તો , નામદાર કોર્ટ આરોપી ને ડીસ્ચાર્જ કરી શકે છે. જોગવાઈ જુઓ

**(૭) ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૦૬ અને ૩૦૭** મુજબ ની પ્રક્રિયા કરે તો આરોપી વિરુદ્દ નો કેસ નો અંત આવે છે. જોગવાઈ જુઓ

**(૮) ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૩૯ મુજબ આરોપી ને ડીસ્ચાર્જ કરી શકાય છે.** ત્યારે આરોપી ની ઉપર લાગેલા તમામ આક્ષેપો રદ થઇ જશે અને આરોપી મુક્ત થઇ જશે જોગવાઈ જુઓ

(૯) ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૨૦(૧) અને ૩૨૦(૮) મુજબ સમાધાન થાય તો એટલે કે જયારે પક્ષકારો વચ્ચે સમાધાન થઇ જાય અથવા તો કોર્ટ ની પરવાનગી થી સમાધાન થાય તો તેવા કિસ્સા માં પણ કેસ નો અંત થઇ જાય છે. જોગવાઈ જુઓ

**(૧૦) જયારે ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૪૬૮** મુજબ નો બાધ નડતો હોય ત્યારે પણ ટ્રાયલ ચાલી શક્તિ નથી અને આરોપી ની વિરુદ્ધ માં કેસ પૂરો થઇ જાય છે. જોગવાઈ જુઓ

વકીલ સાહેબ